# શંકા કરો નહીં તમે આંખોના હાલ પર, જોયા છે આવતાં ઘણાં આંસુને ગાલ પર!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

શનિવારની સવારનું આહવાની બજારનું દ્રશ્ય મનમોહક હતું. એ દિવસ અઠવાડો હતો, એટલે બજાર ભરાએલી. લગભગ આદિવાસીઓ પોતાની ખેતપેદાશ ટોપલાઓમાં લઈને બેઠા હતા. લાંબી લાઈન ટોપલાઓથી સભર લાગતી હતી. બીજી વસ્તુઓ વેચનારા અને ખરીદનારાઓની પણ અવર-જવર શરૂ થઈ ગયેલી.

ભીમો ગામીત શાક લેવા માટે બજારમાં ગયો. આમ તો એને અઠવાડામાં જવું ખાસ ગમતું નહોતું પણ મામલતદાર ઓફિસમાં પટાવાળાની નોકરી કરતા એના પપ્પા નવરા ન હોય એ દિવસે એને જવું પડતું.

એનું ઘર હતું અંબાપાડામાં. ત્યાંથી સાઈકલ લઈને એ નીકળ્યો. બજારમાં જુદા જુદા ટોપલાઓ પર નજર નાખતો એ આગળ વધ્યો. જાતજાતનાં ફળ કોઈ ટોપલામાં એને દેખાયાં, કોઈમાં ગુંદર, કોઈમાં પાંદડાં તો કોઈ ટોપલામાં મહુડાનાં ફૂલ પણ દેખાયાં.

એક ટોપલામાં એને રીંગણાં, મેથી ને કોબિજ જેવી શાકભાજી દેખાઈ એટલે એ નજીક ગયો.

ટોપલા પરથી નજર હટાવીને એણે વેચનાર તરફ નજર કરી. એક તંદુરસ્ત, નમણી છોકરીએ એના તરફ સ્મિત ફેંક્યું.

“શું લેવું છે?” એણે પૂછ્યું.

ભીમો એ બોલી ત્યારે દેખાએલી એની દંતપંક્તિ વિષે વિચારતો હતો એટલે એને પેલી છોકરી બોલી એ ન સંભળાયું.

“શું લેવું છે તમારે ?” ફરીથી ઓષ્ટસરોવરમાંથી શબ્દપુષ્પ ખર્યાં ને ભીમાનું ધ્યાન હવે એના શબ્દો પર ગયું.

“મારે એક કિલો રીંગણ, એક કિલો કોબિજ ને બે પૂળી મેથી જોઈએ છે.” ભીમાએ કહ્યું.

પેલી છોકરીએ તરત જ એણે માગેલાં શાકભાજી જોખવાની શરૂઆત કરી દીધી. ભાવ પૂછ્યા વિના જ વસ્તુ ખરીદનાર છોકરો એણે પહેલી વાર જોયો.

‘‘તું દર શનિવારે અઠવાડામાં આવે છે?’’ ભીમાએ પૂછ્યું.

“આવવું જ પડે ને,” છોકરીએ જવાબ આપ્યો, “અઠવાડામાં શાકભાજી વેચવા ન આવું તો ઘર ક્યાંથી ચાલે? હું તો બીજા બે-ત્રણ અઠવાડામાં પણ જાઉ છું. ગયા ગુરુવારે નાના પોંઢા ગયેલી.”

“વાહ,” ભીમો બોલ્યો, “સારું કહેવાય. બહારગામથી આવે છે તું?”

“અમે મિશન પાડામાં રહીએ છીએ,” છોકરી બોલી, “પણ અમારું ખેતર બારખેતમાં છે. ત્યાંથી શાકભાજી મારા પપ્પા લઈને આવે એટલે હું વેચવા આવું.”

“હું તો આજે આવ્યો,” ભીમો બોલ્યો, “મારા પપ્પા જ લગભગ અઠવાડામાં શાકભાજી લેવા આવે છે પણ હવે શાકભાજી લેવા હું જ આવીશ.”

“આવજો,” છોકરી બોલી, “તમને બીજા કરતાં સસ્તું આપીશ.”

“હું બીજા પાસે જઈશ જ નહીં,” ભીમો બોલ્યો, “સીધો તારી પાસે જ આવીશ. શું નામ તારું?”

‘મારું નામ સવલી તડવી,’’ સવલી બોલી, “તમે ક્યાં રહો છો?”

‘‘મારું ઘર અંબા પાડામાં છે,” ભીમો બોલ્યો, “મારા પપ્પા મામલતદાર ઓફિસમાં નોકરી કરે છે. તારા પપ્પા શું કરે છે?”

‘‘મારા પપ્પા તો લગભગ બારખેતમાં અમારા ખેતરે જ રહે છે,” સવલી બોલી, “એ બારે મહિના જુદા જુદા શાકભાજી ઉગાડે છે ને હું વેચું છું. મારી મા નથી.”

“સારું,” સવલીએ કહેલા પૈસા આપીને ભીમો ત્યાંથી દૂર હટયો, “હવે આવતા અઠવાડામાં મળીશું.”

સવલી હસી ને ભીમો ધન્ય થઈ ગયો.

ઘેર જતાં જતાં એને સવલીનો રૂપાળો ચહેરો જ નજર સામે તરવરતો રહ્યો. સોટા જેવી સીધી કાયા, તંદુરસ્ત દેહ અને મારકણી આંખો ભીમાને સ્પર્શી ગઈ.

પછીના મંગળવાર સુધી એને ચેન ન પડ્યું. મંગળવાર આવ્યો ને એના પપ્પા સાઈકલ લઈને અઠવાડામાં જવા તૈયાર થયા.

“પપ્પા,” અચાનક ભીમાએ એમના હાથમાંથી થેલી લઈ લીધી ને સાઈકલનું હેન્ડલ પકડી લીધું, “આજે હું શાકભાજી લેવા જઈશ, તમે રહેવા દો. જે લાવવાનું છે એ મને કહી દો.’’

એના પપ્પા રાજી થયા. એમને લાગ્યું કે ભીમો હવે ઘરકામમાં ધ્યાન આપે છે. જો કે ભીમાને કામમાં રસ હતો, ઘરકામમાં નહીં, એની એના પપ્પાને ખબર ન હતી!

થેલી ને પૈસા લઈને ભીમો સડસડાટ બજારમાં પહોંચી ગયો. અઠવાડામાં આજે ગીર્દી વધારે હતી.

આડીઅવળી નજર દોડાવ્યા વિના ભીમો સીધો સવલીના ટોપલા પાસે પહોંચ્યો. એક ગ્રાહક હતું, એના ગયા પછી ભીમો સવલીની સામે ઊભો રહ્યો.

એને જોઈને સવલીનું ઓષ્ટકમળ ખીલ્યું ને હાસ્યપાંદડીઓ વેરાણી.

“આવી ગયા?” એણે ભીમાને પૂછ્યું, “બોલો, આજે શું જઈએ?’’

“સાચું કહું સવલી,” ભીમાએ પેટછૂટી વાત કરી, “લેવું છે તો શાક પણ વધારે રસ મને તારી જોડે વાતો કરવામાં પડે છે.”

“મનેય મઝા પડે છે,” સવલી ફરી હસી, “બોલો ને, શું આપું?”

ભીમાએ શાકભાજીનાં નામ ગણાવ્યાં ને વારાફરતી સવલી જોખતી ગઈ. ભીમાની થેલી ભરાઈ ગઈ ને એણે પૈસા ચૂકવી દીધા.

‘‘તારા લગન થઈ ગયા છે?” ભીમાએ પૂછી જ લીધું.

‘‘ના રે,” સવલી બોલી, “મારે મા નથી ને પપ્પા આખો દિવસ ને રાત ખેતરમાં હોય, કોણ મારા માટે શોધે? થશે, મોડું થશે પણ લગન તો થશે. તારા લગન થઈ ગયા છે?”

“ના સવલી,” ભીમો બોલ્યો, “મારા જેવા બેકારને કોણ કન્યા આપે? પણ હવે ચાર દિવસ પછી પોલીસની ભરતી છે, એમાં હું ભરતીમેળામાં જવાનો છું. જો સિલેક્ટ થઈ જાઉં તો પછી કન્યા મળી રહેશે.”

“તને નોકરી મળી જશે જા,” સવલી બોલી. આજે એ ‘તમે’માંથી સીધી ‘તું’ પર આવી ગઈ હતી.

‘‘હવે હું આવતા અઠવાડામાં આવીશ,’’ ભીમો બોલ્યો, “પ્રાર્થના કરજે કે ત્યારે હું પોલીસ તરીકે સિલેક્ટ થઈ ગયો હોઉં.”

સવલીએ માત્ર હકારમાં ડોકી હલાવી ને ભીમાએ વિદાય લીધી.

ચાર દિવસ પછી પોલીસ હેડકવાર્ટરની પાછળના મેદાનમાં પોલીસ માટે ભરતીમેળો શરૂ થયો ને ભીમો એમાં સિલેક્ટ પણ થઈ ગયો!

શનિવારે ભરતીની પ્રોસેસ પૂરી કરવાની હતી એટલે એ અઠવાડામાં જઈ ન શક્યો.

એ પછી હોળીનો તહેવાર આવ્યો ને હોળીના મેળામાં, ડાંગ દરબારમાં ભીમો ગયો ને ત્યાં સવલી પણ એને મળી ગઈ.

“સવલી,” ભીમો એને ખેંચીને એકાંત જગ્યા પર લઈ ગયો, “સવલી, હું પોલીસ ભરતીમાં સિલેક્ટ થઈ ગયો! હવે થોડા સમયમાં હું પોલીસ બની જઈશ. તું મારી હારે લગન કરીશ?”

સવલી એને જવાબ આપવાના બદલે એને ભેટી પડી ને ભીમાએ એના ગાલ ચૂમી લીધા.

“બસ,” ભીમો બોલ્યો, “મને જવાબ મળી ગયો. આપણે ગમે ત્યારે લગન કરી નાખીશું, તારા પપ્પાને કહી દેજે.

સાંજ સુધી બન્ને સાથે ફર્યાં ને પછી ભીમો ઘેર ગયો.

બીજી સવારે એને ખબર પડી કે કાલે મિલિટરી માટે ભરતીમેળો, એ જ જગ્યાએ છે!

એ જ ઘડીએ ભીમાએ એમાં જવાનું નક્કી કરી નાખ્યું.

બીજા દિવસે સવારના એ ગ્રાઉન્ડમાં પહોંચી ગયો.




**ખબરદાર જો ફરી આવું બોલ્યો છે તો. મારો પતિ તું જ છે ને માત્ર તું જ છે. આ ભવમાં જ નહીં, સાતેય ભવમાં**

રજિસ્ટ્રેશન કરાવીને એણે કસોટીઓ આપી ને એ સિલેક્ટ પણ થઈ ગયો. આવતા અઠવાડિયે દહેરાદૂન ટ્રેનિંગ માટે જવાનો પત્ર પણ એ જ દિવસે બપોરે એને આપી દેવાયો.

શનિવારના અઠવાડામાં એ સવલીને મળ્યો ને મિલિટરીમાં જોડાયાની વાત કરી. સવલી તો ખુશ થઈ ગઈ.

“વાહ રાજા,” સવલી બોલી, “બહુ સરસ. ક્યારે જવાનું છે?’’

‘‘ગુરુવારે દહેરાદૂન જવાનું છે,” ભીમાએ કહ્યું, “એક વરસની ટ્રેનિંગ છે, એ પછી મને પોસ્ટિંગ મળશે. ક્યાં મળશે એ નક્કી નથી.”

‘‘ગમે ત્યાં મળે,” સવલી બોલી, “પણ નોકરી તો ખરી.”

“સવલી,” ભીમો બોલ્યો, “નોકરી કરતાં વધારે મને દેશની સેવા કરવામાં વધારે રસ છે. હું એટલે જ મિલિટરીમાં જોડાઉં છું.”

‘‘આપણે લગન ક્યારે કરીશું?’’ સવલીએ પૂછ્યું.

‘‘હું દહેરાદૂન જાઉં,” ભીમો બોલ્યો, “ત્યાંના હાલચાલ જોઉં, રજાઓ કેટલી મળે છે એની તપાસ કરું, પછી નક્કી કરીએ પણ એટલું નક્કી કે હું લગન તારી હારે જ કરીશ. તેં તારા પપ્પાને વાત કરી?”

“હા,” થોડું શરમાઈને સવલી બોલી, “એ તારા પપ્પાને ઓળખે છે. એમણે મને હા પાડી છે.”

“મેં પણ મારા પપ્પાને કહ્યું છે,” ભીમો બોલ્યો, “ને એમણે પણ હા પાડી છે. હવે આપણે વરવહુ બની ગયાં જ માની લે.’’

“સાચું કહું.” સવલી બોલી, “મેં તો તું પહેલી વાર શાકભાજી લેવા આવ્યો ત્યારથી જ તને વર માની લીધેલો!”

ભીમો કશું બોલે એ પહેલાં તો ત્રણ-ચાર ગ્રાહક આવી ગયા એટલે એમની વાત અધૂરી રહી. ભીમો સવલીને આવજે કહીને ઘેર આવ્યો.

ગુરુવારે ભીમો દહેરાદૂન માટે રવાના થયો. એનાં મમ્મી અને પપ્પાને દુઃખ તો થયું પણ દીકરાનો રાષ્ટ્રપ્રેમ જોઈને એ કશું બોલ્યા નહીં. દહેરાદૂનમાં સગવડ સારી હતી. બે જણ વચ્ચે એક રૂમ હતી ને જમવાનું બધાને મેસમાં એકસાથે મળતું. ખાવાપીવાની તકલીફ નહોતી પણ ટ્રેનિંગમાં મુશ્કેલી પડતી હતી. ફરજિયાત વહેલા જાગવાનું, દોડવાનું, ને કસરત... આ બધું ભીમાએ ધીમે ધીમે શીખી લીધું.

મુશ્કેલી એ હતી કે, અહીં રજા મળતી નહોતી. છ મહિને ભીમાને ચાર દિવસની રજા મળી અને એ ઘેર આવ્યો.

“સવલી,” એણે બીજા દિવસે અઠવાડામાં જઈને કહ્યું, “હજી છ મહિનાની ટ્રેનિંગ બાકી છે ને રજા મળે એવું નથી એટલે આપણે છ મહિના પછી મને પોસ્ટિંગ મળે, પછી રજા મળે એટલે લગન કરીશું. તને વાંધો નથી ને?’’

“હું તો તને પરણી જ ચૂકી છું રાજા,” સવલી હસી, “હવે ચાર ફેરા વહેલા ફરાય કે મોડા, કશો વાંધો નથી. તું ચિંતા ન કર, જા.” ચાર દિવસ પછી ભીમો દહેરાદૂન હાજર થઈ ગયો. સમય પસાર થતો ગયો ને છ મહિના પછી એની ટ્રેનિંગ પણ પૂરી થઈ.

એને પહેલું જ પોસ્ટિંગ શ્રીનગરમાં મળ્યું. દહેરાદૂનથી સીધું જ ત્યાં હાજર થવાનું હતું એટલે એ ઘેર ન જઈ શક્યો.

મિલિટરીની વાનમાં એ શ્રીનગર જવા રવાના થયો. દહેરાદૂનથી પઠાણકોટ ને જમ્મુના રસ્તે ચડયા પછી જે રસ્તો આવ્યો, એ જોઈને ભીમો તો અભિભૂત થઈ ગયો. પહાડીઓ ચડવાની ને ઊતરવાની એને મઝા પડી.

બીજા દિવસથી એમની ફરીથી ટ્રેનિંગ શરૂ થઈ. આ વખતે રાઈફલની ટ્રેનિંગ પણ હતી. ભીમો એક અઠવાડિયામાં નિશાન તાકતો થઈ ગયો. છ મહિના સુધી એને રજા ન મળી. એ પછી એને રજા મળવાની હતી ત્યાં જ મેસેજ આવ્યો-ગંડરબાલમાં આતંકીઓ ઘુસી આવ્યા છે.

ફટાફટ આર્મીમેન તૈયાર થઈ ગયા. ભીમો પણ રાઈફલ લઈને વાનમાં ગોઠવાઈ ગયો. એ બારી પાસે જ બેઠો હતો.

વાન ગંડરબાલના રસ્તે આગળ વધી. પહાડી રસ્તો લગભગ સૂમસામ હતો. લગભગ એકાદ કલાક પછી અચાનક દસેક આતંકવાદીઓ રોડ પર આવી ગયા ને અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો. વાનની અંદરથી જવાનોએ પણ જવાબી ગોળીબાર શરૂ કરી દીધો. ભીમાને પહેલી જ વાર રાયફલ ચલાવવાનો મોકો મળ્યો. એણે પણ ફાયરીંગ શરૂ કર્યું. અચાનક એક આતંકવાદી એની બારીની નજીક આવ્યો ને ગોળીબાર શરૂ કર્યો. એક ગોળી વાનના પતરામાંથી ભીમાના ડાબા પગમાં ઘુસી ગઈ.

ભીમો સહમી ગયો પણ એણે બારીમાંથી ફાયરીંગ કરીને પેલા આતંકવાદીને રોડ પર જ સૂવડાવી દીધો.

બીજી વાન પાછળ જ આવતી હતી. આ દ્રશ્ય જોઈને એ વાનમાંથી સૈનિકો નીચે ઊતર્યા ને જે આતંકવાદી દેખાયા એમને ઠાર કર્યા, બાકીના આતંકવાદી પલાયન થઈ ગયા.

ત્રણ જવાનોને ગોળી વાગી હતી. ભીમાની વાનના ડ્રાઈવર જવાને આતંકીઓએ ગોળીબાર શરૂ કર્યો કે તરત જ શ્રીનગર કેમ્પમાં ફોન કરીને એમ્બ્યુલન્સ મોકલવાનું કહી દીધું હતું.

દસેક મિનિટમાં એમ્બ્યુલન્સ આવી ગઈ ને ત્રણેને લઈને શ્રીનગર રવાના થઈ ગઈ.

શ્રીનગરની મિલિટરી હોસ્પિટલમાં ભીમાનું ઓપરેશન થયું ને ગોળી કાઢી લેવાઈ. જો કે થોડા દિવસ એને હોસ્પિટલમાં રહેવું પડયું.

એક મહિના પછી ભીમાને રજા મળી ને સાથે સાથે હવે એ ઘોડી કે લાકડી વિના ચાલી શકે એમ ન હોવાથી મિલિટરી માટે અનફીટ હતો એટલે એને જે મળવાપાત્ર હતું એ મળશે એમ જણાવીને ઘેર મોકલી દેવાયો.

એ ઘેર પહોંચ્યો ત્યારે આખું ફળિયું ભેગું થઈ ગયું. સવલી પણ આવી ગઈ હતી ને એના પપ્પા પણ આવી ગયા હતા.

“સવલી,” ભીમાએ સહેજ એકાંત મળતા જ કહ્યું, “હું હવે લંગડો થઈ ગયો છું એટલે તારી સાથે લગ્ન કરી નહીં શકું. તું બીજે પરણી જા.’’

‘‘ખબરદાર જો ફરી આવું બોલ્યો છે તો,’’ સવલી આવેશમાં આવીને બોલી, “લગન થયા પછી તું લંગડો થયો હોત તો? મારો પતિ તું જ છે ને માત્ર તું જ છે. આ ભવમાં જ નહીં, સાતેય ભવમાં!’’

આટલું કહીને સવલી ભીમાને ભેટી પડી ને બન્નેની આંખમાંથી વહેતાં આંસુથી ભીમાના ખાટલાની ચાદર ભીંજાતી હતી ! સવલીના ગાલ પર વહેતાં આંસુ ભીમો જોઈ રહ્યો !

(શીર્ષકપંક્તિ: દક્ષેશ કોન્ટ્રાક્ટર ‘ચાતક’)